# વાતાવરણમાં પલટો આવતાં શાકભાજીના ભાવ ઘટ્યા

## અનિયમિત વાતાવરણને લીધે શાકભાજીનું ઉત્પાદન વધતાં ઉનાળામાં જ શાકભાજીના ભાવ શિયાળા જેવા થઈ ગયા છે.



ઉનાળામાં શાકભાજી ની આવક વધતાં ભાવમાં ધરખમ ઘટાડો થયો છે.ઉનાળો આવતાની સાથે જ શાકભાજીના ભાવ વાસમાને પહોંચતા હોય છે. કારણ કે ઉનાળામાં શાકભાજીનું ઉત્પાદન ઓછું થાય છે. જોકે, આ ભાવ શિયાળાની શરૂઆત થતાની સાથે જ ઘટતા હોય છે, પરંતુ આ વર્ષે રહેલા અનિયમિત વાતાવરણને લીધે શાકભાજીનું ઉત્પાદન વધતાં ઉનાળામાં જ શાકભાજીના ભાવ શિયાળા જેવા થઈ ગયા છે.

વાતાવરણ માં એકાએક પલટો આવતાં શાકભાજી ના ભાવ માં ઘટાડો થયો છે.જેમાં ગૃહિણીઓમાં આનંદો છવાયો છે પરંતુ ખેડૂતો માટે માઠા સમાચાર છે.

ઉનાળામાં શાકભાજી કરતા લોકો કઠોળ અને કેરીનો રસ સહિત ની ઉનાળુ વાનગીઓ આરોગવાનું પસંદ કરે છે જેમાં શાક બનાવવાનું મોટાભાગે ટાળે છે કારણ કે શાકભાજી ના ભાવ આસમાને પહોંચી જતા હોય છે એટલે લોકો કેરી નો રસ સાથે રોટલી અને પુરી, શ્રીખંડ,અને અથાણું ભોજન ની ડીશ માં ઉમેરે છે.અને શાક ને બાકાત કરી મૂકે છે ઉનાળુ દિવસો દરમિયાન. જો કે આ વખતે શાકભાજીના ભાવ તળિયે પહોંચી જતા શાકભાજી ની ખરીદી ધૂમ છે.લીલી ભાજી પણ માર્કેટ માં મળી રહી છે તેથી ગૃહિણીઓ માં આનંદો છે.

### ગત મહિના સાથે આ મહિનાના શાકભાજીના ભાવ (ભાવ ૨૦ કિલોના)

| | ૫ એપ્રિલ | ૫ મે, ૨૦૨૩ |
|---|---|---|
| ફ્લાવર | ૪૬૦-૫૦૦ | ૩૪૦-૩૮૦ |
| ટામેટા | ૨૦૦-૨૬૦ | ૧૦૦-૧૬૦ |
| લીંબુ | ૧૬૦૦-૧૮૦૦ | ૮૦૦-૧૦૦૦ |
| મરચા | ૬૦૦-૬૫૦ | ૫૬૦-૬૦૦ |
| ગવાર | ૧૧૦૦-૧૩૦૦ | ૮૦૦-૮૫૦ |
| ચોળી | ૫૫૦-૬૦૦ | ૪૦૦-૫૦૦ |
| કારેલા | ૫૦૦-૬૦૦ | ૪૫૦-૫૦૦ |
| ભીંડા | ૭૦૦-૮૦૦ | ૫૦૦-૬૦૦ |
| પાપડી | ૯૦૦-૧૦૦૦ | ૭૦૦-૮૦૦ |
| ગિલોડી | ૫૦૦-૬૦૦ | ૪૦૦-૫૦૦ |

જોકે, અત્યારથી જ ઉત્પાદન વધી ગયું છે તો આગામી દિવસમાં ચોમાસુને ત્યાર બાદ શિયાળુ આવી રહ્યું છે એટલે કે ઉત્પાદનમાં શિયાળામાં કાપ મુકાતા કદાચ આ ભાવ શિયાળામાં વધવાની શક્યતાઓ છે. જે રીતે બજારમાં શાકભાજીનો જથ્થો મોટા પ્રમાણમાં આવી રહ્યો છે તેને લઈને અત્યારે કહી શકાય કે શિયાળાના શાકભાજીના ભાવનો ફાયદો ઉનાળામાં લોકોને મળી રહ્યો છે. એના માટે અનુકૂળ વાતાવરણ સાથે કમોસમી વરસાદ મહત્વનો ભાગ ભજવી રહ્યો છે.

# સરગાસણમાં શ્રીરામ કથામાં વકૃત્વ સ્પર્ધા યોજાઈ

## ૭ થી ૧૫ વર્ષના બાળકોએ રામ જીવન ચરિત્ર, રામાયણ અને પાત્રો વિશે મનમોહક પ્રસ્તુતી કરી : ૧૪ જેટલા બાળકોએ ભાગ લઈ મંત્રમુગ્ધ કર્યા






ગાંધીનગર, તા. ૫

ન્યુ ગાંધીનગરના ટીપી-૯ વિસ્તારમાં પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રીરામ કથાનું સુંદર આયોજન કરેલુ છે. રવિવારથી પ્રારંભ થયેલી આ કથા નવ દિવસ સુધી ચાલવાની છે. જેમાં કથાના સમય બાદ રાત્રીએ વિવિધ ધાર્મિક પ્રસંગો સહિત અનેક કાર્યક્રમો થઈ રહ્યા છે. જેનાથી સમગ્ર વિસ્તારમાં ધાર્મિક માહોલ ઉભો થયો છે અને ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં કથાશ્રવણ કરવા રાત્રીએ પ્રસંગે ઉપસ્થિત રહે છે.શ્રીરામકથાના ચોથા દિવસ બુધવારે રાત્રીના સમયે ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે એક વક્તૃત્વ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં રામ જીવન ચરિત્ર, રામાયણ અને તેના પાત્રો વિશે બાળકોએ પોતાની આગવી શૈલીમાં મનમોહક પ્રસ્તુતિ કરી આ વિષયને રસપ્રદ બનાવી દીધો હતો. ૧૪ જેટલા બાળકોએ પોતપોતાની રીતે વક્તૃત્વ આપ્યુ હતુ જે હાજર શ્રોતાગણને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શિક્ષિકા હેતલબેન સુમનભાઈ પટેલ, મહેશભાઈ જે. દવે, ગૌરવભાઈ ઠાકર તથા મહેશભાઈ એસ. પટેલ હાજર રહી બાળકોની સુષુપ્ત શક્તિઓ ઉજાગર થતી જોઈ અચંબિત થઈ ઉઠ્યા હતા અને બાળકો પૈકી કેન્વી રાજેશભાઈ પટેલ પ્રથમ વિજેતા, દેવાંશી પલકેશભાઈ પટેલ દ્વિતીય અને સાચી જયેશભાઈ શાહ તૃતીય વિજેતા જાહેર કરાયા હતા. વિજેતાઓ અને સ્પર્ધકોની કલાની કદરરૂપે ટ્રસ્ટ દ્વારા ઈનામ આપી પ્રોત્સાહીત કર્યા હતા.ટ્રસ્ટના સભ્ય પૂનમભાઈ પંચાલ નિવૃત્ત આચાર્યએ ખુબજ હળવી શૈલીમાં કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ તો પ્રમુખ જગદીશભાઈ નમેશ, મંત્રી હિમંતભાઈ પટેલ તથા સમગ્ર સભ્યોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# સમર કોચીંગ કેમ્પમાં જોડાવા જોગ

ગાંધીનગર, તા. ૫


સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત હેઠળની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગરની કચેરી દ્વારા ખેલે ગુજરાત અંતર્ગત તા. ૧-૫-૨૦૨૩થી તાલુકા તથા જિલ્લાકક્ષાના સમર કોચિંગ કેમ્પનો આરંભ વિવિધ સ્થળોએ કરવામાં આવ્યો છે. જેમાં વોલીબોલ, હેન્ડબોલ, કરાટે, એથલેટીક્સ, કબડ્ડી, ખો-ખો, ફૂટબોલ, તાઈક્વોન્ડો, જુડો, યોગાસન, રેસલિંગ, રસ્સાખેંચ, ચેસ જેવી રમતોમાં ખેલાડીઓ તાલીમ લઈ રહ્યા છે. આ સમર કોચિંગ કેમ્પ આગામી તા. ૧૦-૫-૨૦૨૩ સુધી ચાલશે. તેમ જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા જણાવવામાં આવ્યુ હતુ.

## સમર્પણ આશ્રમ, મહુડી અનોડિયા, માણસા ખાતે

# પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં નિ:શુલ્ક મહાધ્યાન દર્શન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૫

વર્તમાન સમયમાં દરેક વ્યક્તિ તણાવમાં જીવી રહી છે. આવા તણાવપૂર્ણ, સ્પર્ધાત્મક યુગમાં ધ્યાનનું ઘણું જ મહત્ત્વ છે. સામાન્ય રીતે, સામાન્ય માણસને ધ્યાન કરવું મુશ્કેલ લાગે છે. તે વિચારે છે કે ધ્યાન ઘડપણમાં કરવાની વસ્તુ છે. પરંતુ હિમાલયના મહર્ષિ સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી બાળકોથી લઈને વડીલો સુધી સહુને ધ્યાન કરીને જીવનમાં આત્મશાંતિ પ્રાપ્ત કરવાનો સંદેશ આપી રહ્યા છે. પૂજ્ય સ્વામીજી દ્વારા સમાજને એવા સરળ ધ્યાન સંસ્કાર ઉપલબ્ધ છે કે કોઈપણ વ્યક્તિ ખૂબ જ સરળ રીતે ધ્યાનના ક્ષેત્રમાં જઈ શકે છે, જે સમગ્ર વિશ્વમાં પ્રચલિત છે. આ ધ્યાનયોગનો અભ્યાસ કરીને વ્યક્તિ પોતાના જીવનમાં શારીરિક સ્વાસ્થ્ય, માનસિક શાંતિ, સંવાદિતા અને મોક્ષ પ્રાપ્ત કરવાનું અંતિમ લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે. આજે ઘણા વૈજ્ઞાનિક પ્રયોગો પણ



ધ્યાન કર્યા પછી વ્યક્તિના શરીરમાં થતા સકારાત્મક પરિવર્તનોને સ્વીકારે છે.

સામૂહિક ધ્યાનથી ઘણા લાભ થાય છે. જે લાભ હજાર દિવસ એકલા ધ્યાન કરવાથી મળે છે, એવો જ લાભ હજારોની સામૂહિકતામાં એક દિવસ ધ્યાન કરવાથી પ્રાપ્ત થાય છે. એટલે જ સામૂહિકતામાં ધ્યાન કરવાની તક ગુમાવવી ન જોઈએ. પરમાત્મારૂપી સદ્‌ગુરુના સાંનિધ્યમાં, પૂર્ણિમાના દિવસે હજારોની સામૂહિકતામાં ધ્યાન કરવાની આવી સુવર્ણ તક જીવનમાં મળવી ખૂબ જ દુર્લભ હોય છે. આવી જ એક સુવર્ણ તક આપણા જીવનમાં આવી રહી છે. ૭ મે, ૨૦૨૩ રવિવારના રોજ સાંજે ૭ કલાકે ગુજરાત સમર્પણ આશ્રમ, મહુડી અનોડિયા, માણસા ખાતે પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં નિ:શુલ્ક મહાધ્યાન દર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

# આજે "એનર્જી કન્ઝર્વેશન ટુવર્ડ્સ નેટ ઝીરો એન્ડ નેચર પોઝિટિવ" કોન્કલેવ

ગાંધીનગર, તા.૦૫

સાયન્સ સિટીમાં તા.૫ મે, શુક્રવારના રોજ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી ઉર્જા સંરક્ષણ માટેનું સૌથી મોટું કેમ્પેઈન શરૂ થઈ રહ્યું છે. સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા 'સક્ષમ-૨૦૨૩' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેની થીમ છે 'નેટ ઝીરો તરફ ઉર્જા સંરક્ષણના માર્ગો'. આ વિષયે ગુજરાત સાયન્સ સિટીમાં ઓડિટોરિયમ-૧ ખાતે સવારે ૧૦:૩૦ વાગ્યે કોક્લેવનું આયોજન થશે. જેમાં ઉર્જા સંરક્ષણ અંગે ચર્ચા થશે. આવતા વર્ષોમાં નેટ ઝીરો કઈ રીતે થાય અને નેચરને પોઝિટિવ કઈ રીતે બનાવવું તે અંગે પેનલ ડિસ્કશન થશે.આ ઉપરાંત સાંજના સમયે વોકાથોનનું પણ આયોજન કરાશે જેમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે.

ઉલ્લેખનીય છે કે 'સક્ષમ' એ એક મહિનાના સમયગાળા માટેનો **PCRA (P^a roleum Conservation Research Association)** નો વાર્ષિક પ્રમુખ કાર્યક્રમ છે. સ્વાસ્થ્ય અને પર્યાવરણની સુરક્ષા માટે ઈંધણ સંરક્ષણની આવશ્યકતા અંગે નાગરિકોને જાગૃત કરવાની સાથે સાથે ક્રૂડ ઓઈલની આયાત પરની ભારતની નિર્ભરતા ઓછી કરવામાં મદદ કરવાનો તેનો હેતુ છે. ગુજરાત સાયન્સ સિટી ખાતે યોજાઈ રહેલા આ કોક્લેવમાં ઉર્જા ઉદ્યોગ અને સંબંધિત ક્ષેત્રોના તથા શિક્ષણ જગતના નિષ્ણાતો નેટ ઝીરો લક્ષ્ય મેળવવા માટે જુદી જુદી પદ્ધતિઓ અંગે ચર્ચા કરશે. આ ઈવેન્ટ દરમિયાન તમામ સહભાગીઓ સાયન્સ સિટીની તમામ ગેલેરી જેવી કે રોબોટિક્સ ગેલેરી, એક્વેટિક ગેલેરી, નેચર પાર્ક, એનર્જી એજ્યુકેશન પાર્ક, હોલ ઓફ સ્પેસ અને હોલ ઓફ સાયન્સ, લાઈફ સાયન્સ પાર્ક, પ્લેનેટ અર્થની પણ મુલાકાત લેશે. 'સક્ષમ' અભિયાન દરમિયાન શાળાના બાળકો, યુવાનો, એલપીજીના ઉપયોગકર્તાઓ, જુદા જુદા વાહનચાલકો, ઉદ્યોગ કર્મીઓ, શ્રમિકો, ખેડૂતો, રહેણાંક સોસાયટી, ગ્રામ પંચાયતો, બિન સરકારી સંગઠનો જેવા વિવિધ જનવર્ગો સુધી પહોંચીને તેમને વિવિધ ઈંધણ સંરક્ષણનું મહત્વ, લાભ અને પદ્ધતિઓ વિશે તેમજ બળતણની કાર્યક્ષમ તકનીક અને પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહન આપવા માટે વિવિધ ઈંધણ સંરક્ષણ પ્રવૃત્તિઓ વિશે સમજાવવામાં આવશે.



જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮ ના ઉદ્યોગકારોએ પાણી - ગટર સહિતના વિવિધ પ્રશ્નો અંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈમકવાણાને રજુઆત કરી હતી. જે રજુઆત મેયરએ ધ્યાને લઈને પાટનગર યોજનાના અધિકારીઓ તેમજ મહાનગરપાલિકાના સિટી એન્જિનિયર સાથે રાખીને સ્થળ મુલાકાત કરી હતી. આ દરમ્યાન મેયર એ ઉદ્યોગકારોના પડતર પ્રશ્નોનું તાત્કાલિક નિવારણ આવે તેમજ ભવિષ્યમાં કોઈપણ સમસ્યાના ના સર્જાય તેવી અધિકારી અને કર્મચારીઓને સૂચના આપી હતી.

# સે-૩/ન્યુ ખાતે સામુહિક શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૫

સેકટર-૩-ન્યુ ખાતે સેકટરની અગ્રણી સંસ્થાઓ સેકટર-૩-ન્યુ વસાહત મંડળ, સેક્ટર-૩-ન્યુ નવરાત્રિ મહોત્સવ સમિતિ, નવદુર્ગા સેવા ટ્રસ્ટ, શિવશક્તિ સેવા ટ્રસ્ટ (શિવશક્તિ મંદિર), યોગ સાધના પરિવાર, કૃષ્ણ મહિલા ભજન મંડળ, ગોપી મહિલા ભજન મંડળ, મધર મેરી ક્રિશ્ચિયન પરિવારના સંયુક્ત ઉપક્રમે કોરોનાકાળથી અત્યાર સુધીમાં, કોરોના કે અન્ય કુદરતી રીતે અવસાન પામેલા સ્વજનો માટેનો એક સામૂહિક શ્રધ્ધાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં આ સેકટરના વસાહતી ભાઈ-બહેનો અને ઉપરોકત સમયગાળા દરમ્યાન અવસાન પામેલાંનાં સ્વર્ગસ્થોનાં સ્વજનોએ ઘણી મોટી સંખ્યામાં પોતાનાં સ્વજનોને ફોટા સાથે હાજર રહી શ્રધ્ધાંજલી આપી હતી. ઉપરાંત આ સેક્ટરની તમામ સંસ્થાઓના પ્રમુખો તથા તેઓના પ્રતિનિધિઓએ હાજર રહી સદગતોને શ્રદ્ધાંજલિ આપી હતી. સાથો સાથ પ્રસંગને અનુરૂપ સહકાર આપ્યો હતો. આ પ્રસંગે ખાસ મહેમાન તરીકે ધારાસભ્ય રીટાબેન પટેલ તથા વોર્ડ કોર્પોરેટર રાજુભાઈ પટેલ તથા જીલ્લા બ્રહ્મસમાજના પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદીએ હાજરી આપી તમામ સ્વર્ગસ્થોને શ્રધ્ધાં સુમન અર્પણ કરી હતી. ગાંધીનગર ગાયત્રી પરિવારના સભ્યશ્રીઓએ પણ પવિત્ર પૂજાવિધિ તથા શાંતિપાઠ દ્વારા સ્વર્ગસ્થોને અંજલિ અર્પી હતી.

# સે. ૧૭ હનુમાનજી મંદિરે 'દિર્ઘાયુ માટે સુંદરકાંડ પાઠ'

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રીના સુપુત્ર ચિ. અનુજભાઈના દિર્ઘાયુ માટે હનુમાનજી મંદિરના મહંત નરોત્તમદાસજીના સાનિધ્યમાં ગાંધીનગર સુંદરકાંડ પરિવાર દ્વારા 'સુંદરકાંડ પાઠ'નું આયોજન કરવામાં આવ્યુ છે. સે. ૧૭ હનુમાનજી મંદિરે તા. ૬-૫-૨૦૨૩ને શનિવારે સાંજે ૭.૩૦ કલાકે સુંદરકાંડ યોજાશે.

# સાયન્સ સિટીના સમર સાયન્સ પ્રોગ્રામને પ્રોત્સાહક પ્રતિસાદ

## સાયન્સ પ્રોગ્રામમાં ૩૫૦થી વધુ વિવિધ વિષયો આધારિત વર્કશોપ : ધોરણ ૫થી ૧૧ના વિદ્યાર્થીઓ માટે તા.૨થી ૨૭મી મે સુધીનું આયોજન







ગાંધીનગર, તા.૦૫


ગુજરાત સાયન્સ સિટી ખાતે ચાલી રહેલ સમર સાયન્સ પ્રોગ્રામને વિદ્યાર્થીઓનો બહોળો પ્રતિસાદ. ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી દ્વારા ઉનાળુ વેકેશનમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાનની શોધો માટે પ્રેરિત કરવા અને નવી વસ્તુઓ શીખવા તથા વૈજ્ઞાનિક અભિગમ કેળવવા સમર સાયન્સ પ્રોગ્રામ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું છે, આ પ્રોગ્રામ અંતર્ગત ધોરણ ૫થી ૧૧ના વિદ્યાર્થીઓ માટે ૨ મેથી ૨૭ મે દરમિયાન સાયન્સ સિટી ખાતે વિવિધ વર્કશોપ, સાયન્સ લેકચર્સ, હેંડ્સ ઑન એક્ટિવિટીઝ, સ્કાય ઓબ્ઝરવેશન, સાયંટિફિક ફિલ્મ સ્ક્રિનિંગ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.


સમર સાયન્સ પ્રોગ્રામમાં ૩૫૦થી વધુ વિવિધ વિષયો આધારિત વર્કશોપ છે જેમાં બ્લોક કોડિંગ, હાર્ડવેર કોડિંગ , ૩ડી પેઈન્ટિંગ, ઈલેક્ટ્રોનિક સર્કિટ મેકિંગ, વંડર ઓફ કેમેસ્ટ્રી, ભૌતિકશાસ્ત્ર, ટેલિસ્કોપ બનાવવા, ખડકો અને ખનિજોની ઓળખ, હોમ ઓટોમેશન માટે ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT), બટરફ્લાયનું રહસ્ય, પ્લાન્ટ ટિશ્યુ કલ્ચર, લેખન, મોડેલ રોકેટરી અને ઓરિગામિ જેવા સર્જનાત્મક વર્કશોપનો સમાવેશ છે. સાયન્સ સિટીના અદ્યતન સંસાધનો સાથે, પ્રોગ્રામ વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) ની સમજ વિકસાવવામાં મદદ કરવા માટે રચાયેલ છે. આઉટડોર હેન્ડ-ઓન પ્રવૃત્તિઓ પણ કાર્યક્રમનો એક ભાગ છે. કાર્યક્રમનું સમાપન ફિલ્મ શો અને ઈન્ટરેક્ટિવ ટોક સાથે થાય છે. સવારે ૧૧:૦૦ થી સાંજના ૮:૦૦ વાગ્યા સુધી આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. તેઓ ગુજરાત સાયન્સ સિટીના વિવિધ પેવેલિયનના અદ્યતન વર્ગખંડો અને લેબ સુધી પહોંચે છે. સમર પ્રોગ્રામ વિદ્યાર્થીઓને વ્યવહારુ જ્ઞાન મેળવવા અને વૈજ્ઞાનિક નવીનતામાં જોડાવવાની ઉત્તમ તક પૂરી પાડે છે.

સાયન્સ સિટી ખાતે ચાલી રહેલ સમર સાયન્સ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે, વિદ્યાર્થીઓએ ગુજરાત સાયન્સ સિટીની અધિકૃત વેબસાઈટ www.sciencecity.gujarat.gov.in પર તેમના નામ રજીસ્ટર કરાવવાના રહેશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજીની અજાયબીઓનું અન્વેષણ કરવા અને STEM વિષયો પ્રત્યે જુસ્સો વિકસાવવા માટે પ્રેરણા અને પ્રોત્સાહિત કરવાનો છે.










રાજાશાહી ભલે નામશેષ થઈ ગઈ હોય પરંતુ તેનુ આકર્ષણ હજી જળવાઈ રહ્યુ છે. ક્યારેક અડધી દુનિયા પર રાજ કરતા બ્રિટનમાં નવા રાજાઓ રાજ્યાભિષેક થવા જઈ રહ્યો છે. રાણી એલીઝાબેથના અવસાન બાદ તેમના પુત્ર પ્રિન્સ ચાર્લ્સને રાજગાદી સોંપવામાં આવી રહી છે અને તેના સીલસીલાબંધ ભવ્ય કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ક્વીન એલીઝાબેથ ભારતની મુલાકાતે ત્રણેક વખત આવી ચુક્યા છે. ૧૯૮૦માં જ્યારે તેઓ ગુજરાતની મુલાકાતે આવ્યા ત્યારે તેમની સાથે પ્રિન્સ ચાર્લ્સ પણ ભારતની મુલાકાતે આવ્યા હતા. એકદમ યુવાન અને ઉત્સાહથી તરવરતા પ્રિન્સ ચાર્લ્સે ગાંધી ટોપીમાં અનેરૂ આકર્ષણ જગાવ્યુ હતુ. તેમની આ યાગદાર તસ્વીર ઝડપવાનો મોકો ગુજરાતના જાણીતા તસ્વીરકાર કાંતિભાઈ શર્માને મળ્યો હતો. પ્રિન્સ ચાર્લ્સનો રાજ્યાભિષેક થઈ રહ્યો છે ત્યારે ૪૨ વર્ષ અગાઉ ઝડપેલી યાગદાર તસ્વીરો કાંતિભાઈ શર્માએ ગાંધીનગર સમાચારને મોકલી આપી છે.